રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાજલ થયેલ શિક્ષકોને સમાવવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૧૨/૨૦૧૯

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગના તા.૨૩/૦૬/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ.

**આમુખ:**

રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા.૩૦/૦૬/૧૯૯૮ થી તા.૩૧/૦૩/૨૦૧૬ સુધીમાં નિમણૂંક પામેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧)ના ઠરાવથી ફાજલ તરીકેનું રક્ષણ આપવામાં આવેલ છે. રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા.૩૧/૦૩/૨૦૧૬ બાદ નિમણૂંક પામતાં શિક્ષકોને વર્ગ ઘટાડો કે અન્ય કારણોસર શાળા બંધ થવાની સ્થિતિમાં છૂટા કરવામાં આવેલ છે. આ શિક્ષકો દ્વારા તેઓને ફાજલ તરીકે રક્ષણ આપી ફરજ પુન: સમાવવા રજૂઆતો કરવામાં આવેલ હતી. રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૧/૦૩/૨૦૧૬ પછી નિમણૂંક પામેલ અને વર્ગ ઘટાડો કે અન્ય કારણોસર શાળા બંધ થવાની સ્થિતિમાં ફાજલ થયેલ શિક્ષકોને સમાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૧/૦૩/૨૦૧૬ બાદ સીધી ભરતીથી શિક્ષણ સહાયકની જગ્યા પર નિમણૂંક પામેલા અને વર્ગ ઘટાડો કે શાળા બંધ થવાના કારણોસર આ ઠરાવની તારીખ સુધીમાં ફાજલ થયેલ શિક્ષણ સહાયકોને ખાસ કિસ્સામાં પૂર્વ દ્રષ્ટાંત ન ગણવાની શરતે નીચેની શરતોને આધીન પુન: ફરજ પર નિમણૂંક આપવા આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ શિક્ષકોને અન્ય જગ્યાએ સમાવવાની સ્થિતિમાં તેમની નવી નિમણૂંક ગણવાની રહેશે તથા તેમની અગાઉની ફિક્સ પગારની સેવાનું રક્ષણ મળવાપાત્ર થશે નહિ.

(૨) આ શિક્ષકોને ફાજલ થયા તારીખથી નવી જગ્યા પર નિમણૂંક આપતાં તે સમયગાળાનો કોઈ પગાર ભથ્થા મળવાપાત્ર થશે નહિ.

(૩) આ શિક્ષકોને જે જીલ્લામાંથી ફાજલ થયેલ છે તેજ જીલ્લાની અન્ય શાળામાં અને તેજ વિષયની ખાલી જગ્યા પર સમાવવાનો પ્રથમ પ્રયત્ન કરવાનો રહેશે. જો તે જિલ્લામાં સંબંધિત વિષયની જગ્યા ખાલી ન હોય તો તેની નજીકના જીલ્લાની ખાલી જગ્યા પર સમાવવાના રહેશે.

(૪) રોસ્ટર પોઈન્ટ કે અનામત જગ્યા ઉપર બિન અનામત શિક્ષકને ફાજલ તરીકે નિમણૂંક આપવાની રહેશે નહિ.

(૫) ફાજલ બાદ અન્ય જગ્યાએ પુન:ફાળવણી કરવાના સંજોગો ઉપસ્થિત થાય ત્યારે પુન:ફાળવણી કરવા માટે સચિવશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

(૬) ફાજલ થયેલ શિક્ષકની અગાઉની સેવા ઉચ્ચતર પગાર ધોરણ માટે ધ્યાનમાં લેવાની રહેશે નહિ.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૮/૧૨/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એમ.મિસ્ત્રી)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના:-**

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત).
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- ના.સે.ઓ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.